# કેનેડા જવાનું વિચારતા લોકો માટે લાલ બત્તી!!!

લેખક:ફિરોઝ ખાન (ભાષાંતર: મહેક ટંકારવી, બોલ્ટન, યુ.કે.)

ભારતમાં અને બીજા સાઉથ એશિયન દેશોમાં આપણે સૌ જાણીએ છીએ કે પરદેશો માટે અને પરદેશી ચીજવસ્તુઓ માટે એક પ્રકારનું ભારે આકર્ષણ હોય છે. આ આકર્ષણ દર વર્ષે સેંકડો ઇમિગ્રાન્ટ્સને અમેરિકા, ઈંગ્લેન્ડની જેમ કેનેડામાં પણ ઉજળા ભાવિ અને તેમના બાળકોના સારા શિક્ષણ માટે ખેંચી લાવે છે.

દુનિયાભરના દેશોમાંથી જે લોકો કેનેડામાં આવે છે તેમને આ દેશમાં તેમના માટે શું રાહ જોઇ રહ્યું છે તેનું ભાન હોતું નથી. આનું કારણ જે તે દેશના ટ્રાવેલ એજન્ટો કે પરદેશોની વીઝા મેળવી આપનાર કહેવાતી કંપનીઓ તેમના માટે એવું સરસ ગુલાબી ચિત્ર આ દેશોનું દોરી આપે છે જેનાથી તેઓ તેમની ટ્રેપમાં આવી જઇ મ્હોં માંગ્યું મૂલ આપી દેતા હોય છે. આવા એજન્ટોને બેપાંચ લાખ રૂપિયાની કમાણી સહેજે થઇ જાય છે અને તેમને ઝાઝું કશું કરવાનું હોતું નથી. આમાં ભાગ્યેજ કોઇ એવા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટ્સ હોય છે જે પોતાના ગ્રાહકોને જે તે દેશની નોકરી ધંધાને લગતી સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે.

આ લેખ લખવા પાછળનો એક માત્ર આશય ભાવિ ઇમિગ્રાન્ટોને એકવાર તેઓ આ દેશની ધરતી પર પગ મૂકે એટલે આ દેશોમાં પ્રવર્તતી વાસ્તવિકતા જેનો તેમણે સામનો કરવાનો રહેશે તેનાથી વાકેફ કરવાનો અને આ માહિતીથી સજ્જ થઇ પોતાના ભાવિ અંગે નિર્ણય કરવામાં તેમને મદદ કરવાનો છે. આજના આ કોમ્પ્યુટર અને ઇન્ટરનૅટના યુગમાં દેશાટન કરી પરદેશોમાં ઉપડવાનું અગત્યનું પગલું ભરતાં પહેલાં જે તે દેશની વર્તમાન હાલત વિષે થોડુંક રિસર્ચ વર્ક કરવાનું સલાહ ભરેલું કહેવાશે.

કેનેડા આમ તો સુંદર દેશ છે. પણ વર્ષનો મોટો ભાગ અહીં ઠંડીનું વાતાવરણ જામેલું રહે છે. અહીંયાંનો વિન્ટર ખૂબ ઠંડીવાળો હોય છે. ટેમ્પરેચરનો પારો માઇનસ ૨૦ ડિગ્રીથી ૩૦ ડિગ્રી સુધી નીચો જઇ શકે છે. એમાં ઉમેરાય છે પાનખરના શીત વાયરા જે વાતાવરણને માઇનસ ૪૦ ડિગ્રી જેટલું ઠંડુગાર કરી મૂકે છે. વિન્ટરમાં ઘણીવાર બરફના તોફાનો ફૂંકાય છે જ્યારે હવામાનનો વરતારો આપનારા અહીંના લોકોને બહાર ન નીકળતાં ઘરમાં પૂરાયેલા રહેવાની સલાહ આપતા હોય છે. રોડરસ્તા અને ફૂટપાથો પર બરફ જામી જાય છે જેના લઇ તેમના પર ચાલવાનું મુશ્કેલ બની જતું હોય છે. લપસી જવાના અનેક બનાવો બને છે જેના લઇ હોસ્પિટલોના ઇમર્જન્સી ડિપાર્ટમેન્ટમાં ભારે ભીડ જામી જતી હોય છે. અહીં બેચાર કલાક રાહ જુઓ ત્યારે સારવાર માટે તમારો નંબર આવે છે. મ્યુનિસિપાલિટીવાળા બરફથી છવાયેલા રોડરસ્તા સાફ તો કરતા રહે છે તેમ છતાં આવા વાતાવરણમાં અનેક અકસ્માતો સર્જાય છે. ઓફિસિયલી તો વિન્ટર ચાર મહિનાનો કહેવાય છે પણ સામાન્ય રીતે એ છ મહિનાનો હોય છે. એટલે છ મહિના સુધી ઠંડી ખેદો મૂકતી નથી. વિન્ટરમાં લગભગ બધુંજ થીજી જતું હોય છે. નાયગ્રા ધોધનું પાણી પર ઠરી જાય છે. ઘરોમાં, બસોમાં, ટ્રેનોમાં, સુપરસ્ટોરો અને મોલ્સમાં તથા કામની જગ્યાઓમાં બધે સેન્ટ્રલ હિટીંગ તો હોય છે, પણ બસ કે ટ્રેન માટે રાહ જોતાં ઊભા રહેવાનું થાય ત્યારે બહારની ઠંડી જીવ લઇ નાંખે એવી લાગે છે.

કેનેડાના લોકો આમ તો મદદ કરે એવા અને સહકાર આપે તેવા હોય છે. સરકારે સ્થાપેલાં એવાં ઘણાં કેન્દ્રો હોય છે જેમાં નવા આવનાર વસાહતીઓને આશરો આપવામાં આવે છે. આ સેટલમેન્ટ સેન્ટરોમાં તમે ટેલિફોન, ફેક્ષ અને ઇન્ટરનેટનો મફત ઉપયોગ કરી શકો છો. બીજાં એવાં અનેક કેન્દ્રો હોય છે જ્યાં તમે વિના મૂલ્યે અંગ્રેજી પણ શીખી શકો છો.

આ તો કેનેડાની થોડીક ઉજળી બાજુ થઇ. હવે મને આ દેશની કાળી બાજુ તરફ પણ તમારું ધ્યાન દોરવા દો. જોબ માર્કેટ ડૂબી રહી છે, સારા પગારવાળા જોબ ઘણાં જ ઓછા બાકી રહ્યા છે. અહીં તમને લગભગ પ્રત્યેક ઘરમાં બેકાર કે અર્ધ બેકાર લોકો મળશે. હા, અહીં કેટલાક સફળ થયેલા લોકો પણ જોવાના મળશે પણ આવા લોકો આંગળીના વેઢે ગણાય એટલા જૂજ હોય છે. કેનેડાના એમ્પ્લોયરો બહાર દેશોની ડિગ્રીઓ કે ડિપ્લોમાને મંજુર રાખતા નથી, સ્વીકારતા નથી. આવી ડિગ્રીઓ કે ડિપ્લોમા માત્ર ઇમિગ્રેશન હેતુઓ માટે જ કામના હોય છે. વળી તમારી વ્યાવસાયિક આવડત કે અનુભવને પણ અહીં સ્વીકારવામાં કે કોઇ ગણતરીમાં લેવામાં આવતાં નથી. વ્યાવસાયિક રેગ્યુલેટરી બોડીઝ દ્વારા નોકરીઓનું નિયંત્રણ કરવામાં આવતું હોય છે. આવી સંસ્થાઓ પોતાના નાણાંથી ચાલતી હોવાને કારણે તેઓ બહારથી આવેલા વસાહતીઓને કામધંધો આપવા માટેની સરકારની અપીલો પર કોઇ ધ્યાન આપતી નથી. ૮૦ થી ૯૦ ટકા નોકરીઓ કયાંતો કામચલાઉ અથવા ટૂંકી મુદ્દતના કોન્ટ્રાક્ટ પર હોય છે, એટલે તમારા માથા પર નોકરી ગુમાવવાનો ભય સતત તોળાયા કરતો હોય છે.

ખાનગી એમ્પ્લોયમેન્ટ એજન્સીઓ ખાનગી કંપનીઓને અને સરકાર સુદ્ધાંને કામદારો પૂરા પાડતી હોય છે. અહીં કેટલાયે એવા ગ્રેજ્યુએટ, પોષ્ટ ગ્રેજ્યુએટ, પી.ઍચ.ડી. થયેલાઓ, એમ.બી.એ., સી.એ., પ્રોફેસરો, પ્રિન્સીપાલો, ઍંજિનિયરો છે જેઓ તમને ટેક્ષી હાંકતા, પીત્ઝા ડિલિવર કરતા, ફેક્ટરીઓમાં ઊભા પગે આઠથી દસ કલાક મજૂરી કરતા મળશે, દસથી બાર કલાક સિક્યોરિટી ગાર્ડ્સ તરીકે કામ કરતા, ટોઇલેટ અને વોશરૂમની સાફ સફાઇ કરતા મળશે. ઘણાં સુપરસ્ટોર્સમાં કામ કરતા મળશે. આ બધા જોબ્સ જીવી ખાવા પૂરતા હોય છે જેમાં કલાકના ૧૦ થી ૧૨ કેનેડિયન ડોલર પગાર મળતો હોય છે. ફુલ ટાઇમ જોબ્સ તો ઘણાં જ ઓછા હોય છે અને મોટા ભાગે લોકો પાર્ટ ટાઇમ કામ કરતા હોય છે.

અહીંનું લિવિંગ સ્ટાન્ડર્ડ (જીવન ધોરણ) ઘણું ઊંચું છે જ્યાં એક બેડરૂમના ફલાટનું ભાડું માસિક ૮૫૦ થી ૧૦૦૦ ડોલર સુધીનું હોય છે. જો તમે ગાડી રાખતા હોય તો તેના પાર્કીન્ગ ખર્ચા જુદા. પબ્લીક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (જાહેર વાહન વ્યવસ્થ) એટલી બધી સારી નથી અને ટેક્ષી ભાડે કરી આવવા જવાનું પરવડે એમ નથી.

માધ્યમિક શાળા સુધીનું શિક્ષણ અહીં મફત હોય છે. ઈન્ડિયા અને પાકિસ્તાનની જેમ અહીં સ્કૂલ કે કોલેજમાં પ્રવેશ માટે ડોનેશન આપવાની પ્રથા નથી. પણ સેકન્ડરી પછીનું શિક્ષણ ઘણું મોંઘું છે. હા, આગળ અભ્યાસ કરવા માટે સરકાર વ્યાજ સહિતની લોન આપે છે.

ઈન્કમ ટેક્ષનો દર અહીં ઘણો ઊંચો છે. વ્યક્તિએ આવકના સરેરાશ ૩૦% જેટલા તો ટેક્ષોમાં ભરપાઇ કરવાના હોય છે. કેનેડામાં એવું કહેવાય છે કે માણસે અહીં ચાર દિવસ પોતાના માટે અને એક દિવસ ટેક્ષો ભરવા સરકારના માટે કામ કરવાનું રહે છે.

મેડિકલ સારવાર મફત હોય છે પણ ડૉકટરો અને નર્સોની અછતને કારણે હોસ્પિટલમાં સર્જરી (ઓપરરેશન કરાવવા) ૩ મહિનાથી લઈને ૩ વરસ જેટલી ઘણી લાંબી રાહ જોવી પડતી હોય છે. જો કોઇ વ્યક્તિને ઈમર્જન્સી રૂમમાં લઇ જવામાં આવે તો ત્યાં ત્રણ ચાર કલાક સુધી તેની ખબર પૂછનાર કોઇ હોતું નથી. બીજા દેશોમાંથી અહીં આવેલા ઘણાં કવોલિફાઈડ ડૉકટરો અને નર્સો હાજર છે પણ તેમને પ્રેકટીસ કરવાની છૂટ આપવામાં આવતી નથી કેમકે તેમના પ્રમાણપત્રો અને ધંધાની નિપુણતાને અહીં સ્વીકારવામાં આવતી નથી.

જો તમે કેનેડામાં આવવાનું વિચારતા હો તો અહીંના વર્તમાન જોબ માર્કેટનો બરાબર અભ્યાસ કરીને આવજો. ના, હું તમે કેનેડા ન આવો એવું કહેતો નથી, હું જે કહું છું તે એ કે ઘણી બધી મુશ્કેલીઓ અને રૂકાવટોનો સામનો કરવાની માનસિક- શારીરિક તૈયારી કરીને આવજો. પરદેશની ભૂમિમાં પ્રગતિ કરવાનું સહેલું હોતું નથી. જો તમે અહીંયાં આવવાનું વિચારતા હો તો બોલચાલના અંગ્રેજીનું તમને સારું જ્ઞાન હોય તેની ખાતરી કરીને આવજો.

જો તમે કોઇ વ્યાવસાયિક હોય અને સારી નોકરી કે ધંધો ધરાવતા હોય અને પગાર પણ સારો હોય તો કેનેડા આવતાં પહેલાં બે વાર વિચાર કરજો. જો તમારાં કોઇ સગાં કે મિત્રો કેનેડામાં હોય તો તેમની સાથે સલાહમસલત કરજો. છેલ્લા એક વર્ષમાં અહીંયાંથી ઘણાં બધાં કુટુંબો દેશ છોડીને જતાં રહ્યાં છે. જેવું કેનેડાની બાબતમાં એવું જ અત્યારે ઈંગ્લેન્ડ-અમેરિકાની બાબતમાં પણ કહી શકાય છે. ડોલર અને પાઉન્ડના સોનેરી દિવસોનો અંત આવી ગયો છે.